ફોજદારી કેસ નંબર

_આંક નું સાંધણ

**–:: ઠ રા વ ::–**

આ કામના આરોપી વિરૂઘ્ઘ ઉપરોકત ગુન્હા મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે કામે આરોપી હાજર થતાં સદરહુ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ–કબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. અને આરોપી ઘ્વારા જણાવવામાં આવેલ છેકે હવે આવી ભુલ નહી થાય, અને ભુલ થી આ બનાવ બનેલ છે, જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી ઘ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામાં આવેલ છે તેમ જણાય આવેલ છે, અને આરોપી સામે ના ગુના નો પ્રકાર ઘ્યાને લેતા હાલ ના તબકકે આરોપી ને એક વખત સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાય આવે છે, જે અનવયે સદર કામે આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ઘ્યાને લેતા તેમજ સદર આરોપી સામે ના ગુના નો પ્રકાર ઘ્યાને લેતા અને આરોપી ઘ્વારા જણાવવામાં આવતા સંજોગો અન્વયે અને કેસના સંજોગોને ઘ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

–:: **હુ ક મ** ::–

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ ૨૫૨ અન્વયે આરોપી ને ભારતીય દંડ સંહિતા ની કલમ **૨૭૯ મુજબ** ના ગુના માં દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધી ની સજા તથા **રૂા. ૫૦૦/–** (પાંચસો) નો દંડ , જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

અમદાવાદ,

તા. ૧૪/૧૨/૧૯.

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૯, Unique Code No. GJOO854.